રસોઈયા સંવર્ગના કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવા માટે કોમ્પ્યુટર જ્ઞાનની પરીક્ષામાંથી મુક્તિ આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંક: કકપ/૧૦૨૦૧૪/યુઓ-૨૦૦/ક
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:-૧૨/૧૧/૨૦૧૪

વંચાણમાં લીધા:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનાં તા.૩૦-૦૯-૨૦૦૬ના જાહેરનામા ક્રમાંક: ગસ/૨૦૦૬ ૩૧/ખતપ/૧૦૨૦૦૫/૧૫૧૯/ક

(૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૩૦/૦૯/૨૦૦૬નો ઠરાવ ક્રમાંક: પરચ/૧૦૨૦૦૫ /૧૫૩૨/ક

(૩) નાણા વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક: પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ

-:: ઠરાવ ::-

૧. વંચાણમાં લીધેલ ક્રમાંક:(૧) પરનાં સામાન્ય વહીવટ વિભાગનાં તા.૩૦/૦૯/૨૦૦૬ ના જાહેરનામાથી કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો બહાર પાડવામાં આવેલાં છે. અને તદઅન્વયે વંચાણમાં લીધેલા ઠરાવ ક્રમાંક: (૨) પરનાં સામાન્ય વવીવટ વિભાગનાં તા.૩૦/૦૯/૨૦૦૬નાં ઠરાવથી કોમ્પ્યુટર કૌશલ્યની તાલીમ અને પરીક્ષા માટેની કાર્ય - પધ્ધતિ નક્કી કરવામાં આવી છે. આ નિયમો મુજબ રસોઈયા સંવર્ગમાં સીધી ભરતીથી નિમણૂંક મેળવવા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈ મુજબ કોમ્પ્યુટર જ્ઞાનની લાયકાત જરૂરી છે. તે જ રીતે રસોઈયા સંવર્ગમાં બઢતીથી નિમણૂંક મેળવવા માટે ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈ મુજબ "CCC" પરીક્ષા પાસ કરી હોવી જરૂરી છે.

૨. નાણાં વિભાગનાં વંચાણમાં લીધેલા તા.૨-૭-૨૦૦૭નાં ઠરાવની જોગવાઈ મુજબ ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરતી વખતે સંબંધિત કર્મચારી ભરતી નિયમોની જોગવાઈ મુજબ બઢતીની લાયકાત સંતોષતા હોવા જોઈએ. તદનુસાર રસોઈયા સંવર્ગના કર્મચારીઓ બઢતી માટેની "CCC" ની કોમ્પ્યુટર પરીક્ષા પાસ કરી હોય તો જ તેઓને ઉચ્ચતર પગાર ધોરણ મંજુર કરવામાં આવે છે. આ અંગે રસોઈયા સંવર્ગનાં કર્મચારીને ઉચ્ચતર પગાર ધોરણના હેતુસર કોમ્પ્યુટર જ્ઞાનની પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવા બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ રજુઆત બાબતે કર્મચારીઓને ઉચ્ચતર પગાર ધોરણ

Office of the Registrar
A. A. U., ANAND.
1 DEC 2014
INWARD No. 11772

મંજૂર કરવાના હેતુ માટે કોમ્પ્યુટર જ્ઞાન અંગેની ગુજરાત મુલ્કી સેવા કોમ્પ્યુટર કૌશલ્ય પરીક્ષા અને તાલીમ નિયમો,૨૦૦૬થી નિયત કરવામાં આવેલ "CCC" ની પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ આપવામાં આવે છે.

૩. આ હુકમો સામાન્ય વહીવટ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર સરકારશ્રીની મળેલ મંજુરી અન્વયે પ્રસિધ્ધ કરવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(ડી.બી. ઝાલા)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર.

પ્રતિ,

- નામદાર રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સર્વે મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓનાં અંગત સચિવશ્રીઓ. સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- ➢ રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- ➢ સચિવશ્રી, ગુજરાત તકેદારી પંચ, ગાંધીનગર.
- ➢ સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ➢ સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, અમદાવાદ, ગાંધીનગર.
- સચિવાલયનાં સર્વે વિભાગો(વધારાની નકલો સાથે) તેમના તાબાના ખાતાના વડા તથા કચેરીઓનાં વડાને યોગ્ય સુચનાઓ આપવાની વિનંતી સાથે.

Office of the Registrar
A. A. U., ANAND.
1 DEC 2014
INWARD No. ..................

**આણંદ કૃષિ યુનિવર્સિટી**
**આણંદ**

**<u>નકલ સવિનય રવાનાં જાણ તથા અમલ થવા સારૂ.</u>**
આ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટ કચેરીઓ તરફ જાણ સારૂ.

જા.નં.આકૃયુ/રજિ/સંકલન/ ૯૦૦૩૨-૩૪ /૨૦૧૪
તા. ૪/૧૨/૨૦૧૪

કુલસચિવ

**નકલ રવાના:**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવ/કુલસચિવના અંગત સચિવશ્રી તરફ.
૨. આ કચેરીની તમામ શાખાઓ તરફ.